અપીલ અરજી નં.૨૯૩ તા.૭–૧–૦૯

અરજદારઃશ્રી હિતેશકુમાર રતીલાલ શાહ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશકુમાર રતીલાલ શાહની તા.૧૧–૧૨–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં હાલમાં ડીપીએચ કે તેને સમકક્ષ ડીગ્રી ધરાવતાં નાયબ/આસી.આરોગ્ય અધિકારી કેટલા છે?આરોગ્ય અધિકારી અને ડે.કમિશ્નર (હેઅનેહો) ના હોદ્દા માટેની લાયકાતના ધારાધોરણ શું છે? વગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૩/૨૦૦૮–૦૯

શ્રી હિતેશકુમાર રતીલાલ શાહની તા.૧૧–૧૨–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં હાલમાં ડીપીએચ કે તેને સમકક્ષ ડીગ્રી ધરાવતાં નાયબ/આસી.આરોગ્ય અધિકારી કેટલા છે?આરોગ્ય અધિકારી અને ડે.કમિશ્નર (હેઅનેહો) ના હોદ્દા માટેની લાયકાતના ધારાધોરણ શું છે? વગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે અરજદારે મુદ્દા નં.૮ આંશિક અને ૯ ની માહિતી મળેલ હોવાનું તથા મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી અંગે કોઈ પ્રત્યુત્તર ન મળ્યો હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. વધુમાં આ બાબતે અરજદારે તેમની તા.૧૨–૧–૦૮ ની પુનઃ અપીલ અરજીથી ફી ભરવા જણાવેલ પત્રના અનુસંધાને અવલોકન માંગતી રજુઆત કરતી અપીલ અરજી પણ આપેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૧ તા.૧૫–૧–૦૯/ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે વિશેષ પૂરક વિગતો મળેલ નથી પરંતુ અરજી સબંધમાં થયેલ પત્ર વ્યવહારની નકલો મળેલ છે. જે અનુસાર અરજદારની તા.૧૧–૧૨–૦૮ થી કરેલ અરજી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૦૧ તા.૧૬–૧૨–૦૮ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરેલ.જેમણે નં.જીએડી/ઈએસટી/૩૬૭૩ થી ખાતાકીય તપાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગને માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૯ ની માહિતી અંગે તથા નં.જીએડી/ઈએસટી/૩૬૭૪ થી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૮ ની આંશિક માહિતી માટે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તા.૨૨–૧૨–૦૮ ના રોજ તબદીલ કરેલ. જેના અનુસંધાને મુદ્દા નં. ૯ અંગે નં.જીએડી/ઈએસટી/આઈ/૮૧૬ તા.૨–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૮ ની આંશિક માહિતી અંગે સા.ઝોન/એસ્ટા./નં.૨૦૬૪ તા.૧–૧–૦૯ તથા પત્ર નં .૨૧૮૪ તા.૧૫–૧–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે બાકીના મુદ્દા પૈકી મુદ્દા નં.૧ થી ૭ અને ૮ ની આંશિક માહિતી અંગે નં.જીએડી/ઈએસટી/૩૮૫૩ તા.૭–૧–૦૯ ના રોજ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કુલ ૮૫૦૦ પાનાની રૂા.૧ ૭૦૦૦/– નકલ ફી ભરી માહિતી/ દસ્તાવેજોની નકલો મેળવવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) (એ) હેઠળ માહિતીના મુદ્દા અનુસાર વિવરણ અને ગણતરી જણાવેલ નથી. સાથે ૭(૩) (બી) ની જોગવાઈથી પણ અરજદારને સૂચિત કરેલ જણાતા નથી. કલમ–૭(૩) બી હેઠળ અરજદારને ભરવા જણાવેલ ફી અંગે નિર્ણયની સમીક્ષા અંગેનો અપીલીય અધિકાર છે. ત્યાર બાદ અરજદારની તા.૧૨–૧–૦૯ ની પુનઃ અપીલ અરજીથી ફી ભરવા જણાવેલ પત્રના અનુસંધાને અવલોકન માંગતી રજુઆત કરતી અપીલ અરજી આપેલ. જે સંદર્ભે નં.આરટીઆઈ સેલ/૯૯૩ તા.૨૧–૧–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારે તા.૭–૧–૦૯ ના રોજ કરેલ પ્રથમ અપીલમાં મુદ્દા નં. ૯ પૈકી મુદ્દા નં.૮ ની આંશિક અને ૯ ની માહિતી મળેલ છે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી મળેલ નહીં હોવનું જણાવેલ અને ત્યાર બાદ તા.૧૨–૧–૦૯ થી પુનઃ અપીલ કરી ઉપરોકત મુદ્દાઓ ૧ થી ૭ તથા ૮ આંશિક માટે અવલોકનની માંગણી કરેલ છે. પરંતુ ફી ભરી માહિતી મેળવેલ જણાતી નથી. જેના અનુસંધાને નં.આરટીઆઈ સેલ/૯૯૩ તા.૨૧ –૧–૦૯ થી અરજદારને સૂચિત કરવામાં આવેલ છે કે તેમની મુળ અરજીમાં દફતર અવલોકનની માંગણી કરેલ ન હોય અપીલના તબકકે એક અપીલ તે જ બાબતની કાર્યવાહી હેઠળ હોય તે દરમ્યાન પુનઃ અપીલના તબકકે કરેલ અવલોકનની માંગણી ગ્રાહય રાખવા પાત્ર નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે તેવું પણ જણાવવામાં આવેલ. દરમ્યાન અરજદારે તેમના તા.૨૭–૧–૦૯ ના પત્રથી અપીલ હેઠળની અરજી પૈકી મુદ્દા નં.૬ ની માહિતી જતી કરી ૧ થી ૫ અને ૭ ની માહિતી નિયત ફી વસુલ લઈ પુરી પાડવા જણાવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારની અપીલના તબકકેની ફેર રજુઆત ધ્યાને લઈ મુદ્દા નં.૧ થી ૫ અને ૭ માટે ફી નું વિવરણ આરટીઆઈની કલમ–૭(૩) (એ) સાથે નિયમ ૫ (બી) હેઠળ જણાવી નિયત ફી અરજદાર ધ્વારા ભરપાઈ થયેથી કલમ–૭(૧) સાથે ૭(૩) થી ઠરાવેલ સમય અવધિમાં અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ( મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિતેશકુમાર રતીલાલ શાહ